સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

દોડે છે પૂરપાટ લોન લેનારા માલ્યા ને રસ્તે,
ખેડૂતો-કરજ લેનારા પણ છે માલ્યા ને રસ્તે -
છે ધમકી સરળ અને હથૂકી આત્મહત્યાની -
દૂર નથી દિ' કે બેન્કો પણ જશે, માલ્યાને રસ્તે.
(બેન્કોનું ઉઠમણું ?!)

હાઈકુ

જૂઠ સાંભળી,
લાલકિલ્લા ના પણ
ખરે કાંગરા...
(સંકલ્પ સે બેશુદ્ધિ)

આપણા પર
પડશે અભિશાપ?!
બાળ હત્યાનો ?!
(૭૧ ભૂલકાં ભૂંજાયાં...)

ચિંતન

હર બહનોઈ રામ મોર સારા, હમહિ બાપ હરિપૂત હમારી ।
કહંહિ કબિર ઈ હરિ બૂતા, રામ રમૈં તૈં કૂકરી કે પૂતા ॥

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

અમે જીવો રામની બહેન અવિદ્યાના પતિ હોવાથી રામના બનેવી છીએ અને અવિદ્યાના ભાઈ રામ અમારા સાળા છે. અમે રામના ભક્તજનો ધ્યાન ભક્તિ દ્વારા રામને પ્રકટ કરવામાં અમે રામના પિતા અને રામ અમારા પુત્ર છે.

કબીર કહે છે કે, ઉપરની જે વાત કહેવામાં આવી છે તે હરિની શક્તિ જે માયા છે, રામમાં રમણ કરવાથી માયાથી ઉત્પન્ન થતા સર્વ સાંસારિક પદાર્થ કૂતરીના બચ્ચાં છે. કૂતરીના બચ્ચા સાથે જે રીતે સજ્ઞાની બાળકો રમે છે, તે જ રીતે માયારચિત વિષય પદાર્થોની સાથે અજ્ઞાની લોકો રમે છે, મોટી ઉંમરના પુરુષો જેમ બાળકની માફક કૂતરીના બચ્ચા સાથે રમતાં નથી, એ જ રીતે માયિક વિષય પદાર્થોની સાથે પુરુષ ખેલતા નથી.

સુવિચાર

- આ સંસારની સગાઈઓ સાચી નથી, 'બિઝનેશ એરેન્જમેન્ટ' - **આપ્તસૂત્ર**
- નફો એ દેહનું વિટામીન છે ને ખોટ એ આત્માનું વિટામીન છે, પછી ખોટ છે જ કયાં?? - **દાદા ભગવાન**
- તિરસ્કાર અને નિંદા હશે ત્યાં લક્ષ્મી નહીં રહે - **અખંદ આનંદ**
- મતભેદથી ભેગું રહેવું (સંયુકત કુટુંબમાં), તેના કરતાં સંપીને જુદા રહેવું સારું!! - **કાંતિ ભટ્ટ**
- ત્યાગ વિના પ્રાપ્તિ નથી, ત્યાગે તેની આગે - **મકરંદ દવે**
- ઘણી વાર તો આપણે વિચાર કરવાનું કષ્ટ વેઠ્યા વિના જ અભિપ્રાયો ધરાવનારની સાહ્યબી ભોગવતા હોઈએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : એલચી અને સૂંઠ સરખે ભાગે લઈ દહીંના નીતર્યા પાણીમાં સિંધવ મેળવીને પીવાથી પેશાબ છૂટથી થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ફ્રાન્સના રાજા ચૌદમા લૂઈની સામે ફ્રાન્સની પ્રજાએ બળવો કર્યો, આ બળવો વધુ પડતા કરવેરાં અંગેનો હતો. વિદ્રોહ ચરમ પર હતો એટલે પ્રધાને રાજા સમક્ષ રજુઆત કરતાં કહ્યું, 'મહારાજ ! પ્રજાજનો કરવા ભરવાનો વિરોધ કરે છે, એમને કરવેરા વધુ પડતા લાગે છે!' લુઈ એ પૂછ્યું, 'આપણા રાજયની પ્રજા કરવેરા નિયમિત ભરે છે ખરી, 'પ્રધાને કહ્યું, હા, મહારાજ, 'લુઈ એ પૂછ્યું, 'પ્રજા રાજયને કરવેરા શા માટે ભરે છે?' રાજયના વહીવટદારો, પ્રધાનો, ઠાઠમાઠથી રહી શકે તે માટે ?' સત્તાધારીઓ તેમની સત્તા અને સંપત્તિનો ઉપયોગ કરી શકે તે માટે ? કે પછી રાજયના સુવહીવટ અને સુખશાંતિ સચવાય તે માટે ?'

પ્રધાન નીચી મુંડીને રાજાની વાત સાંભળી રહ્યો, રાજા લુઈએ કહ્યું, 'યાદ રાખો!!' પ્રજા કરવેરા ભરે છે, એટલે હિસાબ માંગવાનો એને હક્ક છે જ, પ્રજા આકરા કરવેરાથી રોષે ભરાઈ છે તેથી આપણે સહુએ શરમૌવા જેવું છે, આપણે ગેર-વ્યવસ્થા સર્જી એટલે જ પ્રજાએ બળવો ર્યો ને ? જાઓ આજે જ પ્રજા સમક્ષ જઈ કરવેરાનો વધારાનો બોજ ઓછો કરો અને લોકોને સાંત્વના આપો કે રાજય તરફથી કરવેરાના બદલામાં પ્રજાને સંતોષભરી સુવિધાઓ મળી રહેશે તેની ખાતરી આપો...'

ભગવાનને પ્રસન્ન કરવાનો રસ્તો અપનાવીએ

તંત્રીસ્થાનેથી...

શ્રાવણ માસ પૂર્ણ થયો ને એકટાણાં, વ્રત, ઉપવાસ, દર્શન ને શિવલિંગને દૂધના અભિષેક સાથે પુણ્ય કમાયાનો સંતોષ સહુએ લીધો. આ સૌમાં સૌથી વધુ આવકારદાયક અને પ્રશંસનીય કાર્ય કર્યું હોય તો ગાંધીનગર શહેરના એક નવા સૅક્ટરની મહિલાઓએ અને ગાંધીનગરના કેટલાક સેવાભાવી અને નવી દૃષ્ટિ ધરાવતા યુવાનોએ. આ સૌએ શ્રાવણ માસ દરમિયાન એક સુંદર અને ઉમદા કાર્ય કર્યું. મહિલાઓએ સૅક્ટરમાંથી દૂધ એકત્ર કરીને શિવલિંગને ચડાવવાને બદલે આંગણવાડીમાં ભણતાં બાળકોને એ દૂધ પીવડાવ્યું. હેતુ હતો, શિવલિંગ પર ચડાવેલું દૂધ વ્યર્થ જાય એના કરતાં બાળકોને પીવડાવેલું દૂધ એમના શરીરને લાગે ને બાળકોને એનો લાભ થાય. એવું જ યુવાનોએ પણ કર્યું. આ યુવાનો મંદિરની બહાર ઊભા રહ્યા ને જે ભક્ત દૂધ ચડાવવા આવે એમને બે હાથ જોડીને વિનંતી કરી કે શિવલિંગને ચડાવવાને બદલે તેઓ દૂધ પોતાની પાસે રાખેલા મોટા કેનમાં રેડી દે. ઘણાએ એમની આ વિનંતીને હસી કાઢી, ઘણાએ નમ્રતાથી તો ઘણાએ અપમાનજનક રીતે પણ આ વિનંતીને ગ્રાહ્ય ન રાખી. પરંતુ, તેમ છતાં આ યુવાનો ઘણું બધું દૂધ એકત્ર કરી શક્યા. અને આ બધું જ દૂધ એકત્ર કરીને યુવાનોએ તેનો ઉપયોગ ગરીબ બાળકોને પીવડાવવા માટે કર્યો. ભરપેટ દૂધ પામીને ગરીબ બાળકોના ચહેરા પર જે આનંદ જોવા મળ્યો હતો એ કદાચ મહાદેવને દૂધ ચડાવવાથી મહાદેવનેય નહીં મળ્યો હોય ! નીદા ફાઝલીની ખ્યાત પંક્તિઓ છે : ઘર સે મસ્જિદ બહુત દૂર હૈ, ચલો યું કરે, કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયે. કોઈના ચહેરા પર સંતોષનું સ્મિત આણવું કે કોઈની જરૂરિયાતો પૂર્ણ કરી તેની તૃષાને સંતોષવી એનાથી મોટું સેવાકાર્ય જગતમાં કયું હોઈ શકે ? સ્વામી વિવેકાનંદે આ વાત વર્ષો પહેલાં કરી છે : જીવની સેવા એ જ શિવની સેવા છે. તમે માણસ થઈને માણસને સંતોષ આપો, એની જરૂરિયાત પૂર્ણ કરો અને એને સહાયભૂત થાઓ એનાથી મોટી ભક્તિ બીજી કોઈ નથી. એ કર્યા પછી તમે ભગવાનને નહીં ભજો તો ચાલશે. કારણ કે તમારાં આવાં કામોથી જ ભગવાન રાજી રહેશે, માત્ર એનાં ભજન કર્યા કરવાથી નહીં. જો કે એનો અર્થ એ નથી કે તમારે ગરીબોને મફતનું ખાવાનું ધર્યા કરવાનું છે કે એમને જોઈએ ત્યારે અને જોઈએ તેવી વસ્તુ મફતમાં લાવી આપવાની છે. સહાયભૂત થવાનો અર્થ એ છે કે ભક્તિના નામે કે પૂજાના નામે હજારો ટન પાણી અને લાખો ટન દૂધ જે વેડફાઈ રહ્યું છે એ પ્રત્યે સભાન બનીએ અને એનો સદુપયોગ થાય એ જોઈએ. માત્ર શ્રાવણ માસ દરમિયાન જ નહીં, ભક્તિ અને શ્રદ્ધા માટે આપણે બારેય માસ કિંમતી અને ઉપયોગી વસ્તુઓ આવી જ રીતે વેડફતા રહીએ છીએ. આ બધી જ વસ્તુઓ પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે અને તેમનો બચાવ કરવાની જરૂર છે. આપણે ત્યાં દૂધ, દહીંની નદીઓ વહે છે એ વાત સાચી પરંતુ એનો અર્થ એ તો નથી જ કે આપણે એનો વેડફાટ કરવો. દૂધ ચડાવવામાં આવશે તો જ શિવ પ્રસન્ન રહેશે અને આપણને એના આશીર્વાદ પ્રાપ્ત થશે એવું નથી એ બાબત આપણે સારી પેઠે સમજીએ છીએ અને આપણામાંના લગભગ બધા એવું માને પણ છે કે શિવલિંગને ચડાવવા કરતાં દૂધ કોઈ કુપોષિત ગરીબ બાળકને પીવડાવવામાં આવે તો પુણ્ય ને સંતોષ પણ વધારે મળી શકે છે. તેમ છતાં આપણે શ્રદ્ધાના માર્યા કે પછી બીકના માર્યા કે પછી ટેવને કારણે દૂધનો વેડફાટ જ કરીએ છીએ. એ હવે અટકાવીને આપણી ટેવ અને દૂધને સેવાના માર્ગે વહાવવાની આવશ્યકતા છે.

ઝડપી અને ન્યાયિક તપાસથી ગુન્હેગારોને ગુન્હો કબુલવા માટે નાર્કો એનાલીસીસ ટેસ્ટ લાઈવ ડિટેકટર ટેસ્ટ જ યોગ્ય

- અપરાધીઓના નાર્કો સ્ટેટ માટે પરવાનગીની જરૂર નથી
- થર્ડ ડિગ્રી ટોર્ચરની જગ્યાએ નાર્કો ટેસ્ટથી ગુન્હો ઉકેલવોએ માનવીય અભિગમ છે : સુપ્રિમ કોર્ટ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

અપરાધીઓ, ગુન્હેગારો પાસેથી ગુન્હાની કબુલાત કરાવવા માટે નાર્કો ટેસ્ટ જ માનવીય અભિગમ હોવાનું સુપ્રીમ કોર્ટે કબુલેલ છે જયારે ગુન્હેગાર ગુન્હો કબુલતો ના હોય ત્યારે તપાસ એજન્સી દ્વારા તથા તપાસ અધિકારીઓ દ્વારા થર્ડ ડિગ્રી અખત્યાર કરવામાં આવે છે તથા રીમાન્ડ દરમ્યાન મારઝુંડ તથા શારિરીક યાતના આપવાની યેનકેન પ્રકારે ગુન્હો ડરથી બીકથી આરોપીઓ કબુલતા હોય છે જેમાં કેટલીક વખત નિર્દોષ લોકો થર્ડ ડિગ્રી ટોર્ચરના ડરથી જ ગુન્હો કબુલતા હોય છે અને પાછળથી કોર્ટમાં ફરી જતા હોય છે કે પોલીસ અધિકારીએ બળજબરી પૂર્વક ગુન્હો કબુલાવેલ જેથી પુરાવાના અભાવે આરોપીને કેટલીક વખત કોર્ટમાં નિર્દોષ છોડી મુકવામાં આવે છે . પરંતુ આરોપીઓને અપરાધની કબુલાત કરાવવા માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવી નાર્કો એનાલીસીસ કરવામાં આવે તો વગર ટોર્ચરે વૈજ્ઞાનિક રીતે સાયકોલોજીકલ ટેસ્ટ દ્વારા આરોપી ગુન્હો કબુલે છે જે રેકર્ડ અને રીપોર્ટને કોર્ટમાં પુરાવા તરીકે માન્ય ગણી સજા ફરમાવવામાં આવે છે.

સમાજમાં હવે આધુનિક ટેકનોલોજીના ડિઝીટલ યુગમાં ક્રાઈમ વધતા જાય છે સાયબર ક્રાઈમ દ્વારા કરોડોની ઠગાઈ આચરી ગુન્હેગારો પુરાવાના અભાવે નિર્દોષ છૂટી જતા હોય છે તેવા સંજોગોમાં આરોપીનો નાર્કો ટેસ્ટ જ એક માત્ર ગુન્હો કબુલવાનો ઉપાય છે જેને સમાજે સ્વીકૃતિ આપવી જ જોઈએ તેવું અનુમાન સુપ્રિમ કોર્ટે તાજેતરમાં આપેલ છે જો વૈજ્ઞાનિક તપાસ એજન્સીને માન્યતા આપવામાં નહિ આવે તો પોલીસ દ્વારા અમાનવીય રીતે ગુન્હો કબુલાવાશે તથા એન્કાઉન્ટરની ઘટના પણ વધતી જશે.

સુપ્રિમ કોર્ટની ખંડપીઠે બ્રેઈન મેપીંગ લાઈવ ડિટેકટીવ અને નાર્કો એનાલીસીસ જેવી વૈજ્ઞાનિક તપાસ પધ્ધતિને તથા તપાસ એજન્સીને સામાજીક રીતે માન્યતા પ્રદાન કરવી જ જોઈએ. એક તરફ માનવ અધિકાર સંસ્થા દ્વારા થર્ડ ડિગ્રી ટોર્ચર, રીમાન્ડ તથા એન્કાઉન્ટર જેવી અમાનવીય કાર્યને વખોડવામાં આવી વિરોધ કરવામાં આવતો હોય તેવા સંજોગોમાં વૈજ્ઞાનિક પધ્ધતિથી ગુન્હેગારને ગુન્હો કબુલાવો એ જ એક શ્રેષ્ઠ અને માનવીય તથા સંવિધાનિક પુરાવામાં માન્ય ગણી સજા ફટકારવામાં આવે તો સમાજમાંથી ક્રાઈમ ઓછો થશે.

દેશમાં અબજો કરોડોના ગોટાળા, ગફલા, માસ્ટર માઈન્ડો દ્વારા અવારનવાર આચરી કાયદાકિય ટેકનિકલ પુરાવાના અભાવે જામીન મેળવી સમાજમાં છૂટા ફરતા હોય છે અને નવા નવા નુસ્કા અપનાવી નિર્દોષ જનતાને લૂંટતા આવે છે રાજનેતા, બિલ્ડરો, જમીન માફિયાઓનો નાર્કો ટેસ્ટ કરવામાં આવે તો કરોડો અબજોના છેતરપીડી તથા નાણાકિય કૌભાડોના ગુન્હા પલભરમાં ઉકેલી જાય અને જો તપાસ અધિકારી દ્વારા પણ ભીનુ સંકેલવાના પ્રયાસો કરી પુરાવા છુપાવી આરોપીની તરફેણ કરવામાં આવેલ હોવાના બનાવો પણ ભ્રષ્ટાચારના કેસમાં આવક કરતા વધુ સંપત્તિના કેસમાં તથા રાજનેતા દ્વારા આચારવામાં આવેલા કૌભાંડોમાં જેમ કે ચારા કાંડ, વ્યાપમ કાંડ, સ્ટેમ્પ કાંડ વિગેરે કાંડોમાં જનતા સમક્ષ એક પણ સત્ય બહાર આવેલ નથી કે ગુન્હેગારોને સજા ફરમાવવામાં આવી નથી તમામ કૌભાંડીઓ તથા રાજનેતાઓ જામીન મુક્ત થઈ રાજકિય દબાણથી કેસ રફેદફે કરી પુરાવાઓનો નાશ કરી સાક્ષીઓને ધમકાવી કોર્ટમાં ફરી જવા દબાણ કરતા આવેલ છે. વ્યાપમ કૌભાંડના મોટાભાગના સાક્ષીઓનું શંકાસ્પદ મોત નિપજેલ છે જે તપાસમાં પણ તપાસ એજન્સી દ્વારા કોઈપણ સત્ય જનતા સમક્ષ બહાર લાવેલ નથી અને દેશની રેવન્યુને લૂંટતા આવેલ છે અને આવા નાણાથી રાજકિય પક્ષો ચાલતા આવેલ છે.

તાજેતરમાં બિહારના સર્જન એનજીઓ ગોટાળાનો આંક ૨૫૦૦ કરોડને આંબી જશે પ્રજાના ટેક્ષના પૈસા, ગરીબ જનતાના હક્કના નાણા, દેશના વિકાસના નાણા આ રીતે

અનુસંધાન પાના નં. ૭ પર

પરિવારમાં એકબીજાના મતને સાંભળીએ, સમજીએ

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

પોતાનો મત બદલવો એ પોતાનો મત રાખવા કરતાં બહુ અઘરૂં છે.

આપણે દરેક પોત-પોતાની માન્યતા અને સ્વભાવને એટલી જડ રીતે વળગેલા હોઈએ છીએ કે તેને બદલવાના વિચાર માત્રથી દૂર ભાગીએ છીએ. ખરેખર પોતે કોઈ બાબત અંગે જે કંઈ પણ મત ધરાવતા હોઈએ તે અંગે દૃઢ રહેવું એક સારી ટેવ છે. પરંતુ, અન્યને પણ તે જ મુજબનો મત ધરાવવાનો આગ્રહ રાખવો તે ભૂલભરેલું છે. ખાસ કરીને સ્ત્રી માટે આ પ્રકારનો આગ્રહ વિશેષ રાખવામાં આવે છે. લગ્ન કરીને કોઈ પણ સ્ત્રી જયારે નવી વ્યક્તિ સાથે નવા ઘરમાં પ્રવેશ કરે છે ત્યારે તે ઘરની રીતભાત, આદતો તેમજ વાતાવરણને અનુકૂળ થવાના પૂરતા પ્રયાસો કયારેક બંને પક્ષે તો કયારેક માત્ર નવોઢા તરફથી કરવામાં આવે છે. પરંતુ, દરેકને પોતાનો મત કે અભિપ્રાય ધરાવવાનો હક હોવા છતાં તેમાં પણ ફેરફારનો આગ્રહ રાખવામાં આવે છે જે વધુ કઠિન કામ છે. જો તમારી પાસે પોતાના મતને સત્ય સાબિત કરી શકવાના યોગ્ય મુદ્દાઓ હોય તો તમે સામેવાળી વ્યક્તિના મનમાં તેને ઉતારી શકો અને તે પણ આ મતથી સંમત થઈ જશે. પરંતુ, કોઈ એક બાબતને લઈને જયારે સ્ત્રીનો મત પરિવારના અન્ય સભ્યોથી થોડો જુદો પડે ત્યારે તેના મતને બદલવાને બદલે વર્ષોથી ચાલી આવતી પરંપરામાં થોડો ફેરફાર કરીને પણ ઘરના સભ્યો પોતાના મતમાં ફેરફાર કરે તો ઘરમાં સુમેળભર્યું વાતાવરણ હંમેશ જળવાઈ રહે. 'શૂન્ય' પાલનપુરી લખે છે :

"જીવન અર્પણ કરી દીધું કોઈને એટલા માટે -
મરણ આવે તો એને કહી શકું : 'મિલ્કત પરાઈ છે'. "

- 'શૂન્ય' પાલનપુરી

અહીં અર્પણ એટલે કોઈને સમર્પિત થઈ જવું અને મદદરુપ થવું એ તો ખરું જ પણ જો પોતાના મત કે અભિપ્રાયની સાથોસાથ આસપાસના લોકોના મતને પણ સ્વીકાર કરવાની ભાવના કેળવે તો તે પણ એક જાતનું સમર્પણ જ ગણાય. સ્ત્રી માટે હંમેશા એક પ્રશ્ન તેને સતાવનારો રહ્યો છે કે એનું પોતાનું ઘર કયું ? પણ આ પ્રશ્ન જયારે સ્ત્રીના વિચારો, સ્ત્રીના અસ્તિત્વને ડામવાના પ્રયત્નો કરવામાં આવે ત્યારે જ નીપજે છે. પતિના ઘરમાં પ્રવેશીને સ્ત્રી પોતાની જાતને એ રીતે ઓળઘોળ કરી નાખે છે કે તેને પોતાને પણએ વાતનો અહેસાસ રહેતો નથી કે તે અહીં જન્મી નથી.

'સ્ત્રી' એટલે દયાની દેવી - કરૂણાની મૂર્તિ, ત્યાગમયી સાક્ષાત નમ્રતા, પ્રેમમયી, સેવામયી અને સૌથી વિશેષ તો મૂંગી - છતી જીભે મૂંગી! હિંદુસ્તાનની દરેક દીકરી મૂંગી છે ને પારકી છે. એક જ વાત એને શીખવવામાં આવી છે : ચૂપ રહેવું, એક હરફ પણ કાઢવો નહીં, બધું સહન કર્યે જ રાખવું. સ્ત્રીના એ મૂંગાપણાને હિન્દુસ્તાને મહાનતાની ચુંદડી ઓઢાડેલી છે.'

આ પ્રકારની માન્યતાને બદલવાનો સમય આવી ચૂક્યો છે. જો કે આ સમય આજે જ આવ્યો છે કે રાતોરાત આવ્યો છે એવું નથી. આજની સ્ત્રી પોતાના હક્ક માટે લડતી થઈ છે. તે નિર્ભય બનીને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતી થઈ છે. જો કે, આજે પણ પરિવારના હિત માટે કે ઘરમાં સુમેળભર્યું વાતાવરણ જળવાઈ રહે તે માટે તે પોતાના અભિપ્રાયને ઘણીવાર દબાવી દેતી હોય છે પણ તેને પરિવાર માટે કંઈક કર્યાનો આનંદ તેમજ સંતોષ પણ હોય જ છે. વી. સુખઠણકરે ૧૯૭૦માં એક નોંધ લખી છે જે વાંચીને આપણને સમજાય છે કે સ્ત્રીઓમાં પરિવર્તનના યુગનું બ્યુગલ કેટલા સમયથી ફૂંકાઈ ચુક્યું હશે :

'મદ્રાસમાં હું એક હોટલમાં થોડા દિવસ રહેલો. રસ્તાની બેય બાજુ ફૂટપાથ પર ગરીબો પોતાની જૂજ ઘરવખરી સાથે રહેતા. એક સાંજે હું હોટલ પર મોડો આવ્યો. આવતા, રસ્તા પર જોયું તો ફૂટપાથવાસી સ્ત્રીઓનું ટોળું બત્તીના એક થાંભલા આસપાસ ભેગું થયું છે; તેમની વચ્ચે એક યુવતી તમિલ ભાષાનું એક છાપું વાંચી રહી છે. ટોળામાં ઘણી તો ડોશીઓ હતી, તે ધ્યાનથી એ સાંભળતી હતી. એમના ચહેરા પર પ્રસન્નતા હતી.'

આજના આ મોર્ડન અને નારી સશક્તિકરણના સમયની જો વાત કરીએ તો આજે પણ ગમે તેટલા મોર્ડન વિચારો ધરાવતી સ્ત્રી પતિના ઘરને, બાળકોને તેમજ વડીલોને પોતાના માનીને સાચવે છે. તે સ્વાસ્થ્ય, સ્વચ્છતા, શિક્ષણ, સમાનતા જેવી તમામ બાબતોને પ્રાધાન્ય આપીને ઘર ચલાવે છે. જો કોઈ ફિટનેસ પાછળ વધુ ધ્યાન આપનાર પુરુષ પોતાના સ્વાસ્થ્ય અને સારા દેખાવ માટે જિમ કે ડાયેટને શ્રેય આપતો હોય તો તેને એ બાબત પણ સમજવી જ રહી કે ઘરની જવાબદારીમાં પત્ની તેને પૂરેપૂરો સહયોગ આપે છે, પત્ની-બાળકો અને પરિવારના સમયમાંથી પણ તેને સમય ફાળવી આપે છે તેમજ તેના ખાવા-પીવાનો પણ પૂરતો ખ્યાલ રાખે છે માટે તે પોતાનું આ શારીરિક સૌષ્ઠવ જાળવી શક્યો છે અને સ્ત્રીને તેના બદલામાં કોઈ એવોર્ડ કે પ્રમાણપત્રની જરૂર નથી પરંતુ માત્ર તેના આ તમામ સહકારની નોંધ લેવાય તેવું તે ઈચ્છતી હોય છે. આપણી આસપાસ જેટલા પણ સુંદર, સુડોળ કાયા ધરાવતા સ્ત્રી-પુરુષો છે તે તમામને આ વાત કબૂલવી જ રહી કે પોતાના પરિવારના સહયોગ વિના આ બાબત સફળ થવી ખૂબ કઠિન છે. તે જ પ્રમાણે ૪૦-૫૦ વર્ષની ઉંમરે પહોંચેલી મહિલા જયારે આકર્ષક દેખાવ જાળવી રાખવામાં સફળ રહી હોય તો તેનું શ્રેય પણ નિઃશંકપણે તેના પતિ તેમજ બાળકોને જાય છે. તો આવો, સૌ સાથે મળીને પરિવારમાં એકબીજાના મતને સાંભળીએ, સમજીએ અને તન અને મન બંનેથી સ્વસ્થ અને સુંદર એવા સમાજનું નિર્માણ કરીએ.

Last seen :

વિચારો એક-બે વાળી, તમારું ધ્યાન દોરું છું,
બધાં એ બીજ ફણગાવી, તમારું ધ્યાન દોરું છું.
તમારા હાથમાં તો છે, તમારા દુઃખનું ઓસડ,
હસીને હાથ લંબાવી, તમારું ધ્યાન દોરું છું.

- નીતિન વડગામા

- nehalgadhavi101@gmail.com

રાજ્યસભાની ચૂંટણીમાં ગરિમાનું ખુલ્લેઆમ ચીરહરણ

- કૉંગ્રેસ નામની નબળી ગાયને બગાઈઓ ઝાઝી,સત્તાના ઉતાવળિયા મિનારા નિરર્થક
- મહેન્દ્રસિંહની પ્રધાનપદની મહેચ્છા પૂર્ણ કરવા જ કાયમી અસંતુષ્ટ બાપુનાં કેસરિયાં
- રાજ્યસભાની ચૂંટણીમાં વેરની વસૂલાતમાં ભાજપી બાજી ઊંધી વળ્યાનો સન્નિપાત
- નેહરુનું નામ નેસ્તનાબૂદ કરવા નીકળેલાઓનો ટૂંકો પનો સત્તાથી લાંબો ના થાય

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારતીય બંધારણ અને ચૂંટણીની ગરિમાના લીરેલીરા ગુજરાતની રાજ્યસભા ચૂંટણીમાં ઊડ્યા. બંધારણીય હોદ્દાઓ પર બેઠેલા નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ અને મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ, અનુક્રમે, કરેલાં અડધી રાત પછીનાં ચૂંટણી પંચ વિરુદ્ધનાં નિવેદનોએ આમન્યાલોપનાં ઉદાહરણ પૂરાં પાડ્યાં. એ પહેલાંના નાટકીય ઘટનાક્રમ પછી નવી નરેન્દ્ર મોદી સરકારના સમયગાળામાં જ નિયુક્ત થયેલા ચૂંટણી પંચના બેઉ કમિશનરોના પ્રતિકૂળ નિર્ણય સામે ભાજપની નેતાગીરીએ કરેલા ઉહાપોહે આવતી કાલોનાં એંધાણ આપી દીધાં.

૧૮૨ સભ્યોની વિધાનસભાની પક્ષવાર સભ્યસંખ્યા અનુસાર રાજ્યસભામાંથી નિવૃત્ત થતા ભાજપના બે અને કૉંગ્રેસના એક સભ્યને ફરી ચૂંટી મોકલવાના પવિત્ર પર્વને અભડાવવાનું કામ સત્તારૂઢ ભાજપ અને વિપક્ષના નેતા અને કૉંગ્રેસના બ્રુટસ શંકરસિંહ વાઘેલાએ મળીને કર્યું. ૧૮૨માંથી ભાજપ પાસે ૧૨૧નું સંખ્યાબળ હોવાથી એના બે ઉમેદવાર અમિત શાહ અને સ્મૃતિ ઈરાની જીતી જાય અને ૫૭ બેઠકો ધરાવતી કૉંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલ બિનહરીફ ચૂંટાવાની શક્યતા હતી. દર વખતે ત્રણ બેઠકો પક્ષવાર સભ્યસંખ્યાની ગણતરી અનુસાર બિનહરીફ થતી હતી.ચીમનભાઈ પટેલના મૃત્યુ માટે જવાબદાર બનેલા ઝટકા સમાન ૧૯૯૪ની રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપી નેતા તરીકે શંકરસિંહે કેશુભાઈના શબ્દોમાં ૬૬ લાખવાળો જે ખેલ પાડ્યો હતો, એ વાર આ વખતે પોતાની જાતને હોડમાં મૂકીને પણ ખાલી ગયો.ભાજપવાળા એમણે મોટાભા કરવા માંડ્યા છે , પણ બાપુને પોતાની હેશિયત સમજાઈ ગઈ છે.કાર્ટૂનથી ભડકેલા બાપુએ ઉમાકાંત માંકડને જાહેર ધમકી આપી એને મીડિયાએ પણ ગંભીરતાથી લેવી પડે.ક્યારેક વડા પ્રધાન તરીકે નેહરુ શંકર્સ વિકલીનાં વ્યંગ્ય ચિત્રોનો આનંદ લેતા એ વાત અમારે બાપુને મોઢામોઢ કહેવી પડી.

આ વખતે વિધાનસભામાં વિપક્ષના નેતા અને ભાજપની બી-ટીમના સૂત્રધાર શંકરસિંહ વાઘેલા વટક્યા હતા. પોતે તો ૭૭ના થયા એટલે ચૂંટણી લડવાની ઝાઝી પ્રગટ મહેચ્છા નહોતી છતાં પોતાના દીકરા મહેન્દ્રસિંહનું ભાવિ ચમકાવવા માટે એમણે પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે દેશમાં નબળી પડેલી કૉંગ્રેસને ભીંસમાં લઈને ભાજપ સાથે પુનઃ સંધાણના ખેલ આદર્યા હતા. નબળી ગાયને બગાઈઓ ઘણી જેવી અવસ્થામાં કૉંગ્રેસ ગુજરાતમાં ૨૨ વર્ષથી સત્તાથી વિમુખ હોવાને કારણે સત્તાસુખની વાંચ્છના ઝંખનારાઓ વાઘેલાના મહાલય 'વસંત વગડે' ઉમટવા માંડ્યા. કૉંગ્રેસ બાપુને જ વિધાનસભાની આગામી ચૂંટણીમાં મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરે અને બીજા ઉમદેવારો પણ બાપુની અનુકૂળતા મુજબના જાહેર થાય એવો કારસો એમણે આદર્યો તો ખરો, પણ મેળ જામ્યો નહીં. ભાજપને તો એમના ત્રાગડામાં પોતાનું તરભાણું ભરવાની તક મળતી દેખાતી હતી. અંતરિયાળ ગુજરાતમાં સત્તારૂઢ ભાજપ વિરુદ્ધના અસંતોષથી સુપરિચિત વડા પ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર ગુજરાત આવીને ઉદઘાટનો અને સભાઓ યોજતા રહ્યા, એની પાછળ વિધાનસભાની ચૂંટણીમાં પક્ષનું નાક કપાય નહીં એની વ્યવસ્થા કરવાનું જ ગણિત રહ્યું છે.

ચણા-મમરા ખાઈને સંઘ-જનસંઘનું કામ કરનાર શંકરસિંહે ભૂતકાળમાં પક્ષમાં ભંગાણ કરીને ૪૪ ધારાસભ્યોને વિમાન દ્વારા ખજૂરાહો લઈ જવાનો કાંડ કર્યો હતો. એમને એ વેળા હિંદુદ્રોહી, ગદ્દાર અને ન જાણે શાં શાં વિશેષણોથી નવાજવામાં આવ્યા હતા. જોકે, દસ વર્ષ કેન્દ્રમાં કૉંગ્રેસ સરકાર રહી અને એમાં પ્રધાનપદે તથા પ્રધાન સમકક્ષપદે રહેલા બાપુ ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતાપદે રહ્યા. એમનો જનસંઘ-ભાજપમાં વટ હતો, પણ સરકારી હોદ્દા તો કૉંગ્રેસ થકી જ મળ્યા. ઘણી વાર અપત્ય પ્રેમમાં બધું વીસારી દેવાય છે. માત્ર કૉંગ્રેસી ધારાસભ્ય બની રહેવાને બદલે બાપુની રાજકીય-હયાતિમાં જ પ્રધાનપદું મેળવવા આકળા થયેલા મહેન્દ્રસિંહને ખાતર આખરે શંકરસિંહે શતરંજ ગોઠવવાનું નક્કી કર્યું. એમને ય લાગવા માંડ્યું હતું કે આવતો દાયકો મોદીયુગનો છે એટલે સમય વર્તે સાવધાન કરવામાં જ મજા.

ખેલ ગોઠવાયા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કેમેરાની સાક્ષીએ લાવલશ્કર સાથે શંકરસિંહની ચા પીવા પધાર્યા ત્યારે ૧૦, જનપથ અને એમના વિશ્વાસુ મનાતા અહેમદ પટેલે સમજી જવાની જરૂર હતી. જોકે, એ ચોપાટ ગોઠવાઈ પણ કૉંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને એમના શાહજાદા રાહુલ ગાંધીએ બંબાવાળાનું કામ ગોઠવ્યું નહીં. પછી ''અબ પછતાયે હોત ક્યા જબ ચિડિયા ચુગ ગઈ ખેત'' જેવો સમય આવ્યો. શંકરસિંહ ખુલ્લેઆમ બળવાનાં એંધાણ આપતા રહ્યા. કૉંગ્રેસ પગલાં લેવાને બદલે એમનાં મનામણાંની કોશિશમાં રહી. પછી બાપુને પડતા મૂક્યા, પણ ત્યાં સુધીમાં તો જે કૉંગ્રેસ રાજ્યની ૩૩ જિલ્લા પંચાયતોમાંથી ૨૩ પર શાસન કરતી હતી, એની પ્રતિષ્ઠા ખરડાવા માંડી હતી.

બાપુ ક્યારેક ૨૦૦૨ના ગોધરા-અનુગોધરા કાંડમાં તત્કાલીન મુખ્ય પ્રધાન મોદીને જેલભેગા કરવાના આગ્રહી હતા, પણ એ વેળા અહેમદ પટેલે આડા હાથ દીધા. બાપુને ઘરે એનટીસીની જમીન વેચાણના ૯૦૦ કરોડ રૂપિયા કરતાં વધુના કૌભાંડ સંદર્ભે મોદી સરકારની સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટની ટીમો ત્રાટકી. જેલ જવાના સંજોગો બહાર કડક દેખાતા બાપુને અંદરખાને મુલાયમ સિંહની અવસ્થાનો અનુભવ કરાવતા હતા.પોતે બે દાયકા કૉંગ્રેસમાં હોદ્દાસુખ ભોગવતા રહ્યા પણ પક્ષને સરકાર બનાવવા સુધી લઈ જવામાં ઝાઝું ઉકાળી નહીં શક્ય.સ્થિતિ એવી આવીને ઊભી કે ચૂંટણીઓમાં માતૃસંસ્થાને પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ મદદ કરવા સિવાય છૂટકો નહોતો.જેલવાસ કે ખટલાઓથી બચવા મતે મોદીકૃપાથી જો મળે તો રાજભવનને વહાલું કરે.ભલે કહેતા ફરે કે એમનું ઘર ગવર્નર હાઉસ જેવું છે.

બાપુને ૧૦, જનપથ એટલે કે સોનિયા ગાંધી સુધી પહોંચતાં રોકનાર અહેમદ પટેલ સાથે પહેલાં વેર વાળવાનો સંકલ્પ કરીને રાજ્યસભાની ચૂંટણીમાં જ એમને પાડી દેવાનો ખેલ ગોઠવાયો. પક્ષ પર પોતે જાણે કે

અનુસંધાન પાના નં. ૭ પર